

કોરોના મહામારીના પગલે સમગ્ર ગુજરાતમાં શાળા કોલેજો બંધ છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને ઓનલાઈન પદ્ધતિથી શિક્ષણ આપવાની સાથે સાથે હવે શેરીએ શેરીએ શેરી શાળાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં પણ પ્રાથમિક શાળાના શિક્ષકો શેરી શાળાઓ દ્વારા બાળકોને શિક્ષણ આપી રહ્યા છે. પ્રસ્તુત તસવીરમાં મોડાસા તાલુકાના ગાજણ ગામની પ્રાથમિક શાળાની શિક્ષકા હિરલબેન ભાવસાર દ્વારા શેરી શાળા અંતર્ગત બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

### ખેડૂત આંદોલનની અસર અરવલ્લીમાં

# ટોલટેક્ષ ફ્રી કરવાની માંગ કરવામાં આવતા જીલ્લાના ટોલપ્લાઝા પર પોલીસ સુરક્ષા સઘન બનાવાઈ

મોડાસા, તા. ૧૨

નવા કૃષિ બિલના વિરોધ આંદોલન ધીરેધીરે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. કૃષિ સુધારણા કાયદાના વિરોધમાં અડધા મહિનાથી દિલ્હીની સરહદ પર વિરોધ કરતાં ખેડૂતોને મનાવવા સરકાર સતત તમામ પ્રયાસો કરી રહી છે. ખેડૂતો સાથે અનેક તબક્કાની વાટાઘાટો યોજાઈ છે, પરંતુ કાયદો પાછો ખેંચી લેવા મક્કમ એવા ખેડૂતો આ સુધારો સ્વીકારવા તૈયાર નથી. ખેડૂતો સુધી પોતાની વાત પહોંચાડવા માટે સરકારની તરફથી હવે જાહેરાતનો સહારો પણ લેવામાં આવી રહ્યો છે. ત્યારે ખેડૂતોએ ટોલટેક્ષમાંથી મુક્તી આપવામાં આવેની માંગ કરી રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં આવેલા ટોલપ્લાઝા પર કોઈ




અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

દિલ્હીમાં આંદોલનમાં બેઠેલા ખેડૂતો કૃષિ બીલ રદ કરવાની સાથે ખેડૂતોને ટોલટેક્ષમાંથી મુક્તી આપવામાં આવેની માંગ કરી રહ્યા છે જેના પગલે અરવલ્લી જીલ્લાના નેશનલ હાઈવે અને રાજ્યધોરી માર્ગો પર આવેલા ટોલપ્લાઝા પર સઘન પોલીસ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે તેમજ તમામ વાહનોની ગતિવિધી પર પણ નજર રાખવામાં આવી રહી છે. મોડાસા નજીક આવેલા ગાજણ ટોલટેક્ષ પાસે જીલ્લા પોલીસતંત્રનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે.

# ધાનેરાની શ્રદ્ધા એગ્રો સેન્ટરમાંથી શંકાસ્પદ ખાતર ઝડપાયુ

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકો એ રાજસ્થાન સરહદને અડીને આવેલો તાલુકો




છે અને આ તાલુકાના શહેરી વિસ્તારમાં પણ રાજસ્થાન તેમજ ગુજરાતમાંથી ખેડૂતો ખાતર તેમજ બિયારણ લેવા માટે આવતા હોય છે પરંતુ છેલ્લા ઘણા સમયથી ધાનેરા વિસ્તારમાં ડુબલીકેટ ખાતર તેમજ ડુબલીકેટ બિયારણને લઈ લોકો અને ખેડૂતોમાં અનેક તર્ક-વિતર્કો ઉઠી રહ્યા છે કેટલાક દુકાનદારો ખાતર તેમજ બિયારણ ખેડૂતોને પધરાવી દે છે અને એ ખાતર કે બિયારણ ખેડૂતોના ઊભા પાક પર આડઅસર કરે ત્યારે આ વેપારીઓ ખેડૂતોને જવાબ પણ નથી આપતા ત્યારે આજે ખેડૂતોની રજૂઆત ને લઈ ખેતીવાડી અધિકારીએ તપાસ હાથ ધરી છે અને ખાતરના સેમ્પલ લીધા છે ત્યારે ખેતીવાડી અધિકારી દ્વારા અભિનેતા અને ઉત્પાદક નામ ની પેઢીઓ સામે ફરિયાદ પણ નોંધાવી છે ધાનેરા પોલીસે ૭૫% ખાતર કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ રાસાયણિક ખાતર ૧૯૮૫ ના ખંડ ૫ ૭ ૮ ૧૯ અને એબીસી ૧૯૯૫મુજબ તપાસ હાથ ધરી છે ત્યારે ખેડૂતો સાથે ચિટીંગ કરનાર વેપારીઓને તંત્ર પાઠ ભણાવે તેવી લોકમાંગ ઉઠી છે.

બનાસકાંઠા જીલ્લાના ધાનેરાના શ્રધ્ધા એગ્રો સેન્ટરમાં ગત તા.૨૩-૧૧-૨૦ના રોજ ખેતીવાડી તંત્રની ટીમે કાર્યવાહી કરી હતી. જેમાં શંકાસ્પદ ૯૫ થેલી ખાતરનો જથ્થો જપ્ત કરી અને ગાંધીનગર પ્રયોગ શાળામાં સેમ્પલ ચકાસણી માટે મોકલી અપાયા હતા. જે બાદમાં સેમ્પલ અપ્રમાણિત જાહેર થતાં ખેતીવાડી અધિકારી એ. જે. રાવલે વિક્રેતા અને ઉત્પાદક પેઢી સામે ગુનો દાખલ કરાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે આરોપીઓ દ્વારા રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ ના ખંડ ૧૯ (એ), (બી) અને (સી-૧)નો ભંગ કરવામાં આવ્યો છે. આ સાથે વિક્રેતા પાસે ખરીદ બિલ, ચલણ કે અન્ય આધારો ન હોવાથી તંત્રએ કાર્યવાહી કરી હતી. આ તરફ ધાનેરા પોલીસે ખાતરની બેગ નંગ-૯૫ જપ્ત કરી હોવાનું પણ સામે આવ્યુ છે. ધાનેરા પોલીસે આરોપીઓ સામે જરૂરી ચીજવસ્તુઓનો અધિનિયમની કલમ ૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈલોલ હાઈસ્કૂલમાં સેવકની નોકરી કરનાર શખ્સે ખોટા પ્રમાણપત્રો રજૂ કરતા ફરીયાદ

### જન્મ તારીખમાં ખોટો સુધારો કર્યાનું જણાયુ

હિંમતનગર, તા.૧૨

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત ઈલોલ ગ્રુપ સહકારી મંડળી સંચાલિત હાઈસ્કૂલમાં છેલ્લા કેટલાક વર્ષોથી ફરજ બજાવતા એક સેવકે જે તે સમયે અસલ દસ્તાવેજી પુરાવા પૈકી એલસીમાં જન્મ તારીખમાં સુધારો કરી નોકરી મેળવી હોવાનું બહાર આવ્યા બાદ શનિવારે આ સેવક વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યા બદલ ફરીયાદ નોધાવા પામી હતી.

આ અંગે ઈલોલના અસરફભાઈ યુસુફભાઈ દાત્રોલીયાએ નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ઈલોલ હાઈસ્કૂલમાં સેવક તરીકે શાંતિલાલ અળખાભાઈ બરંડાએ ગત તા.૨૪-૧-૧૯૯૦ ના રોજ નોકરી ચાલુ કરી હતી. અને તેઓ અંદાજે ૨૦ વર્ષ સુધી નોકરી કરીને તંત્ર અને સ્કૂલના સંચાલકોની જાણ બહાર પોતે કરેલા પ્રમાણ પત્રો સાથેના ચેડાથી અજાણ રાખ્યા હતા.

તો બીજી તરફ શાંતિલાલ બરંડા વિરૂધ્ધ તેમના કુટુંબી ભાઈ ધ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં દસ્તાવેજી પુરાવા આપીને તપાસ કરવાની માંગ કરી હતી. જે આધારે ડોઈઓ કચેરી ધ્વારા ઈલોલ હાઈસ્કૂલમાં ફરજ બજાવતા સેવક વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરાઈ હતી. આ તપાસ દરમિયાન સેવક તરીકે નોકરી મેળવનાર શાંતિલાલ બરંડાએ રજુ કરેલા અસલ પ્રમાણપત્રો પૈકી જન્મ તારીખ

**સેવકે કેવી રીતે જન્મ તારીખ સુધારી હતી**

ઈલોલ હાઈસ્કૂલમાં નોકરી મેળવનાર સેવક શાંતિલાલ બરંડાની સાચી જન્મ તારીખ ૧-૬-૧૯૫૮ હોવા છતા તેના પર ચબરખી મુકીને તા.૧-૦૬-૧૯૬૨ દર્શાવી

દશવિતા શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મ તારીખ સાથે ચેડા કર્યા હતા. જેમાં તેમણે જન્મ તારીખ ૧-૦-૧૯૬૨ લખેલી હતી જે નોકરી સમયે રજી કરેલા પુરાવા સાથે સુસંગત ન હતી. જેથી તેમણે નોકરી મેળવવા માટે તંત્ર સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હોવાનું ફલીત થયુ હતું. ત્યારબાદ શિક્ષણાધિકારીની કચેરી ધ્વારા આ સેવક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરવાનો આદેશ કરાયા બાદ અશરફભાઈ દાત્રોલીયાએ સેવક વિરૂધ્ધ શનિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.

# સાબરકાંઠામાં હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ અને વડાલીમાં નવા ૧૩ કેસ

### જિલ્લામાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૪૨૪ થયો

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝેટીવ કેસની સંખ્યામાં ધીમીધારે ઘટાડો નોધાઈ રહ્યો છે ત્યારે શનિવારે હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર અને વડાલી મળી કુલ ૧૩ કેસ નોધાયા છે. જોકે જિલ્લામાં અત્યાર સુધીનો કુલ આંકડો ૧૪૨૪ થઈ ગયો છે. તેમાંથી ૧૫૦૬ લોકો સાજા થયા છે અને હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૧૪૬ થવા જાય છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ શનિવારે જે નવા ૧૩ કેસ નોધાયા છે તેમાં હિંમતનગરની આનંદનગર સોસાયટીમાં ૪૬ વર્ષિય પુરૂષ, રામેશ્વર સોસાયટીમાં ૩૨ વર્ષિય મહિલા, સિધ્ધાર્થનગરમાં ૪૦ વર્ષિય પુરૂષ, સુર્યોદય બંગ્લોઝમાં પર વર્ષિય પુરૂષ, શ્યામલ બંગ્લોઝમાં ૪૦ વર્ષિય પુરૂષ, જીએમઈઆરએસ હોસ્ટેલમાં રહેતા ૨૫ વર્ષિય પુરૂષ અને બાવસર ગામમાં રહેતા ૩૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. તેજ પ્રમાણે ઈડર તાલુકાના નરસિંહપુરા ગામમાં ૪૦ વર્ષિય પુરૂષ, ખેડબ્રહ્માના સિંગલકંપા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષિય પુરૂષ, પ્રાંતિજ તાલુકાના દલાની મુવાડી ગામમાં ૩૪ વર્ષિય પુરૂષ અને પ્રાંતિજના એપ્રોચ રોડ પર આવેલ માતૃછાયા સોસાયટીમાં રહેતા ૪૩ વર્ષિય પુરૂષ, તલોદના મોહનપુરા ગામના ૫૮ વર્ષિય પુરૂષ ઉપરાંત વડાલી તાલુકાના યુરાવાસ ગામમાં રહેતા ૦૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે.

## પાલનપુરના જીવદયાપ્રેમી ઠાકોરદાસ ખત્રીનો પશુ-પંખીઓ પ્રત્યે અનોખો પ્રેમ

બનાસકાંઠા જિલ્લામાં આવેલ પાલનપુર તાલુકામાં પવન ફૂટવેર નામની દુકાનના માલિક ઠાકોરદાસ ખત્રી જેમને પોતાનો કીમતી સમય બગાડી લોકડાઉનથી અત્યાર સુધી ૩૪૦ થી વધુ પશુ પંખીઓના જીવ બચાવ્યા છે. તેમના પર કોઈ પણ વ્યક્તિનો ફોન આવે તો તાત્કાલિક પોતાના સ્વખર્ચે ઘટનાસ્થળે પહોંચી પશુ પંખીઓને સારવાર હેઠળ મોકલી જીવ બચાવી માનવતા મહેકાવી છે. પાલનપુર પાવરહાઉસ પાસે એક અબોલ પક્ષીનો જીવ બચાવ્યો હતો. કોરોના મહામારીમાં પોતાના જીવના જોખમે પશુ પંખીઓના જીવ બચાવ્યા હતા સાથે સાથે તેઓ ગરીબ લોકોના બાળકોને બૂટ ચપ્પલ, મોજા, શિક્ષણ પ્રત્યે આગળ વધારવા શૈક્ષણિક કીટ વગેરે આપી મદદ કરતા હોઈ છે.

# પાલનપુર નગરપાલિકા દ્વારા ૪.૨૬ કરોડના ખર્ચે વિકાસના કામોનું લોકાર્પણ કરાયુ

### પાલિકા પ્રમુખના હસ્તે તમામ કામોનું લોકાર્પણ કરાયુ

પાલનપુર

પાલનપુર નગરપાલિકા દ્વારા રૂ.૪.૨૬ કરોડના ખર્ચે વિકાસના કામોનું પાલિકા પ્રમુખના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં સ્ટાફ અને નગરસેવકો હાજર રહ્યા હતા.

પાલનપુર નગરપાલિકા દ્વારા પાલિકામાં ભારતરત્ન અટલ બિહારી બાજપાઈની પ્રતિમા નું અનાવરણ કરવામાં આવ્યું હતું તેમજ પંચરત્નમાં પાર્કિંગ માટેનું સ્થાન,રેન બસેરા,પે એન્ડ યુઝ ટોઈલેટ,ગાર્ડન ડેવલોપમેન્ટ સહીતના રૂ.૪.૨૬ કરોડના કામોનું લોકાર્પણ નગરપાલિકા પ્રમુખ અશોક ઠાકોરના હસ્તે કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે ઉપપ્રમુખ હેતલબેન રાવલ,કારોબારી ચેરમેન દશરથસિંહ સોલંકી, બાંધકામ સમિતિ ચેરમેન અતુલભાઈ ચોક્સી,સાસક પક્ષના નેતા નિલમબેન જાની,હસમુખભાઈ પઢીયાર સહિત મોટી સંખ્યામાં નગરસેવકો તેમજ પાલિકા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## NDDB દ્વારા બનાસ ડેરી ડિજિટલ અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપનાર દૂધ સંઘ તરીકે સન્માનિત

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન દૂધ ઉત્પાદકોને ડિજિટલ માધ્યમથી તેમના દૂધની રકમ ચૂકવનાર ડેરી તરીકે બનાસડેરીને NDDB દ્વારા "ડિજિટલ અર્થ વ્યવસ્થાને




પ્રોત્સાહન આપનાર દૂધ સંઘ" તરીકે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે જિલ્લાના દૂધ ઉત્પાદકોને દૂધ બિલનું પેમેન્ટ સીધું તેમના બેંક એકાઉન્ટમાં થઈ રહ્યું છે જેને લઈને દ્રઢ્ઢમ્નું પ્રશંસાપત્ર બનાસડેરીને મળ્યું તે જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ગૌરવનો વિષય છે.

# ડીસામાંથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ ૨.૩૭ લાખના મુદ્દામાલ સાથે બેની અટકાયત

ડીસા શહેરમાંથી એલસીબી પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ છે. ગઈકાલે સાંજના સમયે એલસીબીની ટીમ ડીસા શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે આખોલ તરફથી આવતી કારને રોકી કાર્યવાહી કરી હતી. પોલીસે કારમાંથી વિદેશી દારૂ સહિત કુલ કિ. રૂ.૨.૩૭ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ સાથે ૨ ઈસમોને ઝડપી કુલ ૪ ઈસમો સામે ડીસા ઉત્તર પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલે પ્રોહિબિશન લગત પ્રવૃતિઓ રોકવા કાર્યવાહી કરવા કડક સુચના આપેલ છે. જે અનુસંધાને એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ સ્ટાફના રાજેશકુમાર, મહેશભાઈ, નરેશભાઈ, દિનેશભાઈ અને પ્રકાશભાઈ સહિતનો સ્ટાફ ડીસા શહેર




વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. આ દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે સફેદ કલરની સ્વિફ્ટ કારમાં વિદેશી દારૂ ભરી શહેરના જલારામ ચાર રસ્તા પાસેથી પસાર થવાનો છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે ચોક્કસ બાતમી હોઈ તાત્કાલિક કાર્યવાહી કરવા એલસીબીએ જલારામ ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. જેમાં બાતમીવાળી કાર આવતાં તેને કોર્ડન કરી રોકી તલાશી લઈ કાર્યવાહી કરી છે. પોલીસે કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૫૪, કિ. રૂ.૭૭,૦૦૦, મોબાઈલ નંગ-૨, કિ. રૂ.૧૦,૦૦૦, રોકડ રકમ રૂ. ૭૨૦, સ્વિફ્ટની કિ. રૂ.૧,૫૦૦૦૦ મળી કુલ કિ. રૂ.૨,૩૭,૭૨૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે દારૂ લઈ જનારા બે ઈસમો, દારૂ ભરી આપનાર અને દારૂ લેવા આવનાર ઈસમ સહિત કુલ ૪ સામે ફરીયાદ નોંધાવી હતી. ડીસા ઉત્તર પોલીસે આરોપીઓ સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ખેડબ્રહ્મા શહેરમાં વોર્ડ નંબર ચારમાં ભક્તિનગર

# અર્બુદા માતાજીના મંદિર પાસે ૧૮ લાખના ખર્ચે વરસાદી પાણીના નિકાલનું કામનું ખાતમુહૂર્ત કરાયું

ખેડબ્રહ્મા શહેર વૉર્ડ નં. ૪ માં અર્બુદા માતાજીના મંદિર પાસે ભક્તિનગરમાં વરસાદી પાણીના નિકાલનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. આજરોજ વરસાદી પાણીના નિકાલનું રૂ. ૧૮ લાખના ખર્ચે કામનું આજરોજ બાંધકામ સમિતિના ચેરમેન દશરથભાઈ પ્રજાપતિ, અરવિંદભાઈ ઠક્કર, પૂર્વ પ્રમુખ નગરપાલિકાના વરદહસ્તે ખાતમુહૂર્ત કરાયું હતુ. આ પ્રસંગે વિસ્તારના સક્રિય કાર્યકર્તા ઈશ્વરભાઈ પટેલ, ભરતભાઈ પ્રજાપતિ, સુરજભાઈ ગોયલ, નવીનભાઈ મિસ્ત્રી, ભક્તિનગર આજુબાજુના વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આ વર્ષો જૂની વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો ઉકેલ આવતા વિસ્તારમાં આનંદની લાગણી ફેલાઈ છે. વધુમાં



વિસ્તારના મુખ્ય માર્ગ ઉપર પાણીનો નિકાલ ના થતો હોય અને સીધો બજારથી હાઈવે સુધીના જોડતો માર્ગ હોય વરસાદના સમયમાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો જેથી આ વિસ્તારના જાગૃત કોર્પોરેટરોની રજૂઆતના પગલે આ વરસાદી પાણીના નિકાલનું કામનું આજરોજ પ્રારંભ થયો છે જે ટૂંક સમયમાં જ કામ પૂર્ણ થતાં આ વિસ્તારની હાલાકી દૂર થશે.

# હિંમતનગરની સગુન સોસાયટી અને પોશીનામાંથી વાહન ચોરાતા ફરીયાદ

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પોશીનામાંથી બે વાહન ચોરાયાની ફરીયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી છે.

જે અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહકારી જીન વિસ્તારમાં આવેલ સગુન સોસાયટીમાંથી ગત તા.૯ ડીસેમ્બરના રોજ અજાણ્યો શખ્સ અંદાજે રૂ.૨૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.સી.પી.૫૦૦૪ ની ચોરી કરીને લઈ ગયો હતો જે અંગે તપાસ કરવા છતા બાઈકનો કોઈ પત્તો ન મળતા દિલીપસિંહ પ્રહલાદસિંહ પરમારે શુક્રવારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.

તેજ પ્રમાણે પોશીનાના પરમારવાસમાંથી અજાણ્યો શખ્સ તા.૧૦ ડીસેમ્બરના રોજ રૂ. બે લાખની કિંમતની ઈકો કાર નં. જીજે. ૦૨.બી.ડી.૩૩૦૧ ની ચોરી કરી લઈ ગયો હતો જેથી તેનો કોઈ પત્તો ન મળતા આખરે પોશીનાના પરમાર વાસમાં રહેતા ભીખાભાઈ દલાભાઈ પરમારે અજાણ્યા શખ્સ વિરધ્ધ શુક્રવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.

# મિકસોપેથીના વિરોધમાં પાલનપુર આઈએમએ દ્વારા એક દિવસની હડતાલ

પાલનપુર

આરોગ્ય ક્ષેત્રો વિવિધ ચિકિત્સા પદ્ધતિઓ આવેલી છે.




ત્યારે મેડિકલ ક્ષેત્રે મિકસોપેથી કરવા સામે પાલનપુર ઈન્ડિયન મેડિકલ એશોસીએશને અવાજ ઉઠાવ્યો છે.અને શુક્રવારે હડતાલ રાખી વિરોધ નોંધાવ્યો હતો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને નીતિ આયોગની ચાર સમિતિઓ જેવી કે, તબીબી, શિક્ષણ, અભ્યાસ, જાહેર આરોગ્ય અને વહીવટ. હાલમાં ચાલુ દરેક ચિકિત્સા પદ્ધતિને મિક્સ કરીને એક ખીચડી પદ્ધતિ મેકસોપેથી બનાવવાના પ્રયત્નો કરી રહેલ છે. જે મિકસોપેથી સામાન્ય નાગરિકના જાહેર આરોગ્ય સામે ખતરારૂપ હોવાની આશંકા જતાવતા પાલનપુર આઈ.એમ.એ દ્વારા વિરોધ પ્રદર્શન કરી અગાઉ કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો હતો.

ત્યારબાદ પાલનપુર ઈન્ડિયન મેડીકલ એસોશિયેસન દ્વારા સવારે ૬ થી સાજે ૬ કલાક સુધી શુક્રવારે તબિબી હડતાલ રાખી ખિચડી કરણનો વિરોધ કરવામાં આવ્યો હતો.જોકે ઈમરજન્સી અને કોરોના સેવા ચાલુ રાખવાનું તેવોએ જણાવ્યું હતું .આ હડતાલ માં મોટી સંખ્યામાં તબિબો જોડાયા હતા.